# શ્રી કઠોર કેળવણી મંડળ, કઠોર

સંચાલિત

# વ.દે.ગલિયારા વિદ્યાલય, કઠોર

**મુ.પો. કઠોર, તા.કામરેજ, જિ. સુરત, ગુજરાત, ભારત - પીન નં 394150**

**ફોન નં :- 2621 - 256238**

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને દાન માટે અપીલ

પ્રતિ,

સુજ્ઞ મહાશયશ્રી ..............................................................................................................

આથી શ્રી કઠોર કેળવણી મંડળ સંચાલિત વ.દે.ગલિયારા વિદ્યાલય કઠોરના વિદ્યાર્થી ભાઈ-બહેનો, દેશ-પરદેશમાં વસતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગ્રામજનો, શિક્ષણપ્રેમી દાનવીર શુભેચ્છકો જોગ લિ.

કામરેજ તાલુકાની અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓમાંની આજપર્યંત તેની સિધ્ધિઓને અવિરત જાળવી રાખવા સક્ષમ બનેલી એવી શ્રી કઠોર કેળવણી મંડળ સંચાલિત વ.દે.ગલિયારા વિદ્યાલય તેની સિધ્ધિનાં ૧૦૦ વર્ષ પૂર્ણ કરી શતાબ્દિ ઉજવીને હજી આગેકૂચ કરી રહી છે.

આપ સાહેબને વિદિત થાય છે કે, સંસ્થાનો વિકાસ તેની મૂળભૂત જરૂરિયાત આર્થિક બાબત સાથે જોડાયેલી છે. સંસ્થાની હાલની આર્થિક સધ્ધરતા આજુબાજુની અન્ય ખાનગી સંસ્થાઓની સરખામણીમાં હરિફાઇમાં ટકી રહેવા તેમજ શાળાના વિદ્યાર્થીઓને ભૌતિક સુખ _ સગવડો પ્રાપ્ત થાય અને બદલાતા સમયના વહેણમાં અન્ય સંસ્થાઓ સાથે તાલમેલ સાધવા નાણાંની સતત જરૂરિયાત વર્તાય છે. તે માટે સંસ્થા તરફથી પૂરતા પ્રયત્નો કરવામાં આવે છે. આપશ્રી જેવા શિક્ષણપ્રેમી સજ્જનોની ઉદાર સખાવટ અને યોગદાન થકી જ સમયનાં પડકારને બાથ ભીડવાનું શકય બને તેમ છે.

વળી આનંદની વાત એ છે કે, પ્રવર્તમાન માહોલમાં અન્ય સંસ્થાઓમાં જયારે સંખ્યાની તૂટ અનુભવાય છે ત્યારે આ સંસ્થામાં વિદ્યાર્થીઓનો ઘસારો એવો ને એવો જ રહેવા પામ્યો હોવાથી વધતી જતી સંખ્યાને ધ્યાનમાં લઇ તેમને શૈક્ષણિક સુવિધા ઉપલબ્ધ કરવાના હેતુસર આપશ્રી તરફથી આર્થિક યોગદાનની હ્યદયથી અપેક્ષા રાખીએ છીએ.

અમારી સંસ્થામાં અભ્યાસ કરતાં ગરીબ અને પછાત વર્ગના વિદ્યાર્થીઓના ચહેરા પર પ્રસન્નતા લાવવાનું પુ·યકાર્ય આપના શુભહસ્તે થાય એવી અભ્યર્થના સાથે વીરમીએ છીએ. આપના આર્થિક યોગદાનનો ઉપયોગ મારી અને આપની “ માતૃશાળા “ ના વિકાસાર્થે જ થશે એની હું ખાત્રી આપુ છું.

**એડવોકેટ પ્રકાશકુમાર કે. મૈસુરિયા,**
**પ્રમુખ**
**શ્રી કઠોર કેળવણી મંડળ, કઠોર**

- - - - - - - - - - - - - - - - - -

**કન્વીનર**
**શતાબ્દિ મહોત્સવ સમિતિ**

- - - - - - - - - - - - - - - - - -

**2621 - 256817 (Resi)**
**2621 - 254777 (office)**
**2621 - 256238 (school)**
**Mob. Cell No. :- 9879556817**

E-mail Address :- vdghighschool@yahoo.in

vd_galliarahighschool_kathor@hotmail.com

Website :- www. vdgalliaraschool.org

Bank Account Holder Name :- **SHRI KATHOR KELAVANI MANDAL KATHOR**

Bank Account No :- 311402010142052

Name of Bank :- Union Bank of India

Branch Name & Code :- Kathor - 31140

IFSC Code :- UBI NO - 531146